તાત્કાલિક/સમયમર્યાદા

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૩/૨૧૪/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૫/૦૩/૨૦૧૩

પ્રતિ,

- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / એજન્સી / કૃષિ યુનિ.ઓ તથા કૃષિ યુનિ. પરિષદ

વિષય:- વાહનોની વિગત મોકલવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪/૦૩/૨૦૧૩ના પત્રની નકલ તેના બિડાણ સહિત સામેલ છે. પત્રમાં જણાવ્યા પ્રમાણે સચિવાલય સંકુલની સુરક્ષા વધુ સુદૃઢ બનાવવા આપની કચેરીના વાહનોની વિગતો તાત્કાલિક મોકલી આપવાની હોઇ તે બાબતે વિલંબ ન કરતાં આપને સંબંધિત વિગતો ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં હાર્ડ કોપીમાં ફેક્ષ દ્વારા તેમજ સોફ્ટ કોપીમાં( સીડી તથા ઈ-મેઈલ- ds-esta-agri@gujarat.gov.in દ્વારા) પત્રક-૨ તથા પત્રક-૩માં દિન-૨માં મોકલી આપવા વિનંતિ છે.

બિડાણ - ઉપર મુજબ

આપનો વિશ્વાસુ

(એસ.બી.કરોડે)
સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

## પત્રક-૨

### ખાતાના વડા/ બોર્ડ / કોર્પોરેશન / કૃષિ યુનિવર્સિટીઓના વાહનો જે લઈને સચિવાલય સંકુલમાં આવવાનું થતું હોય તેની વિગત

| ક્રમ નં. | કચેરીનું નામ & સરનામું | વાહનનો પ્રકાર | વાહન નંબર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | | |
| | | | |

## પત્રક-૩

### ખાનગી વાહનો સરકારી કામે ભાડે રાખવામાં આવેલ હોય તેવા વાહનો, જે લઈને સચિવાલય સંકુલમાં આવવાનું થતું હોય તેની વિગત

| ક્રમ નંબર | કચેરીનું નામ & સરનામું | ખાનગી વાહનો જે એજન્સી પાસેથી ભાડે રાખવામાં આવે તેનું નામ, સરનામું અને ટેલીફોન નંબર | વાહનનો પ્રકાર | વાહન નંબર |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |
| | | | | |

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/ ૩૯૪૭–૯૬ /૨૦૧૩
નવસારી, તા.૨૫/૦૩/૨૦૧૩

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

૨/– પત્રમાં જણાવ્યાનુસાર માહિતી **તાત્કાલિક દિન–૧ માં** આપવા જણાવવામાં આવે છે.

ક્રમાંક એલ.આઇ.બી./પ્રોટ/૧૧૨૫ /૨૦૧૩
પોલીસ અધિક્ષકની કચેરી, ગાંધીનગર
તા.૨૭/૨/૨૦૧૩

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

G. A. D.
INWARD NO
27 FEB 2013

વિષય : સરકારી વાહનોની વિગત મોકલી આપવા બાબત.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, તાજેતરમાં હૈદરાબાદ ખાતે થયેલ સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં મોટી સંખ્યામાં જાનહાની થયેલ છે. જે આતંકવાદી હુમલાને ધ્યાને લેતા, તેમજ આઇ.બી. તરફથી મળી રહેલ ઇનપુટને ધ્યાને લેતાં તેમજ હાલમાં ગુજરાત વિધાનસભાનું પ્રથમ બજેટ સત્ર ચાલુ હોઇ સચિવાલય સંકુલની સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવાના હેતુસર સચિવાલય સંકુલના પ્રવેશ દ્વારો ઉપર કોઇ અનઅધિકૃત વાહનો સચિવાલય સંકુલમાં પ્રવેશ કરે નહી તે સારૂ, બારકોડેડ સ્ક્રીનીંગ પધ્ધતિ ગોઠવવામાં આવનાર છે. અને સચિવાલય સંકુલ ખાતે રજીંદી કામગીરી અર્થે પ્રવેશતા તમામ સરકારી/પ્રાઇવેટ વાહનો પર બારકોડેડ સ્ટીકર લગાડવામાં આવનાર છે. જેથી, ગુજરાત રાજયના માન. મંત્રીશ્રીઓ અને સરકારશ્રીના અધિકારીશ્રીઓ સચિવાલય સંકુલમાં પોતાના સરકારી/પ્રાઇવેટ વ્હીકલ લઇને પધારતા હોય છે. જેથી, તેઓશ્રી જે વ્હીકલ લઇને સચિવાલય સંકુલમાં પ્રવેશતાં હોય છે તે વાહનોના પ્રકાર અને તેના રજીસ્ટ્રેશન નંબરની વિગત સત્વરે અત્રે મોકલી આપવા વિનંતી છે.

(શરદ સિંઘલ)
પોલીસ અધિક્ષક
ગાંધીનગર

DS(Est.)

નકલ સવિનય રવાના :-
(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય ગાંધીનગર
(૨) નિવાસી નાયબ સચિવશ્રી, નવા સચિવાલય સંકુલ, ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૪) પોલીસ મહાનિરીક્ષકશ્રી ગાંધીનગર વિભાગ ગાંધીનગર

નકલ રવાના:- ના.પો.અધિ.શ્રી, સુરક્ષા શાખા ( જાણ તથા આપના સ્તરેથી જરૂરી કાર્યવાહી કરવા સારૂ)

3

331463-T -54-

ક્રમાંક :- ક્રમ/ક-૧૧૨૦૧૩-૧૦૧૮૪૯/ઘ
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૪-૩-૨૦૧૩.

19 MAR 2013

પ્રતિ,
નાયબ સચિવશ્રી( સંકલન),
સચિવાલયના સર્વે વિભાગો,
સચિવાલય,ગાંધીનગર.

વિષય :- વાહનોની વિગત મોકલવા બાબત.....

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયેના પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરના તા.૨૫/૨/૧૩ના પત્રની નકલ આ સાથે મોકલી આપેલ છે.

સચિવાલય સંકુલની સલામતીની વ્યવસ્થા સુદ્રઢ બનાવવાના હેતુસર સચિવાલય સંકુલમાં પ્રવેશતા વાહનોને બારકોડેડ સીસ્ટમ ગોઠવવા માટે સચિવાલયમાં ફરજ બજાવતા અધિકારી /કર્મચારીઓના વાહનોની વિગત આ સાથેના પત્રકમાં આપવા વિનંતી છે.

સચિવાલયના વિભાગો હસ્તકના વાહનોની વિગત પત્રક-૧ અને ખાતાના વડા/ બોર્ડ /કોર્પોરેશનના વાહનો જે લઈને સચિવાલય સંકુલમાં આવવાનું થતું હોય તેની વિગતો પત્રક-૨ અને ખાનગી વાહનો સરકારી કામે ભાડે રાખવામાં આવેલ તેવા વાહનો અને જે એજન્સી પાસેથી ભાડે રાખવામાં આવે તેનું નામ, સરનામું અને ટેલીફોન નંબરની વિગતો વિગત પત્રક-૩માં વાહનોના પ્રકાર ( ટુ વીલર, થ્રીવીલર, ફોરવીલર)સહિત અને તમામ વાહોના નંબરની વિગતો આ વિભાગને દિન-૭માં અચૂક મોકલી આપવા વિનંતી છે.

વિભાગ પ્રોપર, ખાતાના વડાઓ / બોર્ડ/ કોર્પોરેશન અને જે ખાનગી એજન્સી પાસેથી વાહનો પેટા ભાડે આપવામાં આવેલ હોય તેની વિગતોની માહિતી સંકલિત કરી મોકલવા વિનંતી છે.

આ બાબતને ટોચઅગ્રતા આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(પી.વી.પટેલ)
ઉપ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

બિડાણ :- ઉપર મુજબ
જરુરી કાર્યવાહી સારુ નકલ રવાના :-
- નાયબ સચિવશ્રી(મહેકમ), સચિવાલયના સર્વે વિભાગો.
- સામાન્ય વહીવટ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ, ( નિવાસી કમિશનરશ્રી, નવી દિલ્હી અને મુંબઈ સિવાય),